| | |
|---|---|
| RECEIVED ON | 01-06-2026 |
| REGISTERED ON | 01-06-2026 |
| DECIDED ON | 08-06-2026 |
| DURATION | DYS MTHS YRS |
| Exh. | |

**જુનાગઢ જિલ્લાના ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની અદાલતમાં,**
**મુકામ– જુનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૪૭/૨૦૨૬**

**ચૌહાણ કિશનકુમાર પરસોતમભાઇ**
ઉ.વ.૩૩, ધંધો–વેપાર
રહે. બ્લોક નં. ૨૨, સતાધાર નગર,
રોકડીયાપરા, ચકકરગઢ રોડ,
અમરેલી :::::::::::**અરજદાર**

વિ રૂ ધ્ધ

(૧) પુરોહિત કેવિન વિપુલભાઇ
ઉ.વ.આ.૨૧, ધંધો–વેપાર,
રહે. બ્લોક નં. એ–૬૦૧, ગોલ્ડન પાર્ક,
દીપાંજલી, મેર કન્યા વિદ્યાલય પાસે,
ટીંબાવાડી, જુનાગઢ
(૨) ઝાલા પુર્વદિપસિંહ શકિતસિંહ
ઉ.વ.આ.૨૨, ધંધો–વેપાર,
રહે. પારીજાત રેસીડન્સી, ગીરીરાજ પાર્ક,
દીપાંજલી–૨, ટીંબાવાડી
જુનાગઢ ::::::::::**સામાવાળા**

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૪૮ મુજબની અરજી.**

| અરજદાર તરફે વિ. વકીલ શ્રી પી.જે.શાહ |
|---|

**// જ જ મેન્ટ //**

**(૧)** આ કામમાં અરજદાર તરફે અરજીમાં જણાવેલ ફોજદારી કેસ નં. ૩૩૭૭/૨૦૨૫ વિ. બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં પુરાવાના સ્ટેજે પેન્ડીંગ છે અને ફોજદારી કેસ નં. ૩૩૭૮/૨૫ વિ. ત્રીજા જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં પુરાવાના સ્ટેજે પેન્ડીંગ છે. ઉપરોકત બંને કેસો એકજ બનાવના એન.આઇ.એકટના છે અને તે એકજ વ્યવહાર પૈકીના હોય તેથી તમામ કેસો એક જ કોર્ટમાં ચલાવવા માટે અરજી કરેલ છે.

**(૨)** આ કામે અરજી રજુ થતા આ કામના સામાવાળાઓને આ કામે આંક–૪ થી અત્રેની કોર્ટથી નોટિસ કરતા સામાવાળાઓને નોટિસ બજી જવા છતા તેઓ તરફે જાતે કે વકીલશ્રી મારફત હાજર રહેલ નથી.

**(૩)** આ કામમાં જે કેસ ટ્રાન્સફર કરવાની રજુઆત કરેલ છે તેની ફરીયાદની નકલ રજુ કરેલ છે જેમાં **ફોજદારી કેસ નં. ૩૩૭૭/૨૦૨૫** ના પેરા–૩ માં નીચે મુજબની વિગત છે.

''(૩) સદરહુ સાઇઝ ઝીરો કાફે એન્ડ રેસ્ટ્રોની વેચાણ કિંમત કુલ રૂા.૨૩,૦૦,૦૦૦/– અંકે રુપિયા ત્રેવીસ લાખ પુરા નક્કી કરવામાં આવેલ હતી, જે વેચાણ કરારમાં નક્કી થયા મુજબ તમો આરોપીએ વેચાણ કરાર સમયે અમો ફરીયાદીને રૂા. ૧,૦૦,૦૦૦/– અંકે એક લાખ પુરા ટોકન પેટે આપેલ હતા અને બાકી રહેતી રકમ રૂા.૨૨,૦૦,૦૦૦/– અંકે બાવીસ લાખ પુરા પૈકી રૂા.૧૪,૦૦,૦૦૦/–અંકે ચૌદ લાખ પુરા તમારે નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ચુકવી આપવાના હતા. જે તમો આરોપીએ અમો ફરીયાદીને ચુકવી આપેલ હતા. પરંતુ બાકી રહેતી રકમ રૂા.૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પુરાના તમો આરોપી તથા તમારા ભાગીદાર ધ્વારા બે (૨) ચેકો આપવામાં આવેલ હતા, જેથી વેચાણ કરારમાં નક્કી થયા મુજબ તમો આરોપી ધ્વારા નવેમ્બર–૨૦૨૫ સુધીમાં બાકી રહેતી રકમ પૈકી રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા

ચુકવવાના હતા પરંતુ તમો આરોપીએ અમો ફરીયાદીને જણાવેલ કે અમોએ તથા અમારા ભાગીદારે જે તમોને બે ચેકો આપેલા છે તે બંને એક સાથે બેંકમાં જમા કરાવશો એટલે તમોને તમારી પુરેપુરી લેણી રકમ મળી જશે, આમ તમો આરોપીએ તમારી બેંક બેંક ઓફ બરોડા ટીંબાવાડી–જુનાગઢ શાખાનો ચેક નં. ૦૦૦૦૦૬ વાળો ચેક રકમ રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરાનો તમારા બેન્ક ખાતા નં. ૫૨૦૮૮૧૦૦૦૦૨૨૦૮ વાળો તા. ૦૬/૦૫/૨૦૨૫ ના રોજનો તમોએ ચેકમાં વિગતો લખી તેમા તમારી સહી કરીને અમો ફરીયાદીને આપેલ હતો અને જણાવેલ કે આ ચેક તમો બેન્કમાં ભરશો એટલે તમોને તમારા નાણા મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપતા અમો ફરીયાદીએ તમારા ઉપર વિશ્વાસ, ભરોસો રાખી સદરહું ચેક અમો ફરીયાદીએ અમારી બેંક કોટક મહિન્દ્રા બેંક – જુનાગઢ શાખા જેના ખાતા નં. ૮૧૪૭૫૩૮૪૭૯ વાળામાં તા. ૦૬/૦૫/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદરહું ચેક તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ FUNDS INSUFFICIENT ના શેરા સાથે પરત ફરેલ છે, જેથી અમો ફરીયાદીએ તમો આરોપીને તે બાબતની જાણ કરેલી જેથી તમો આરોપીએ અમો ફરીયાદીને જણાવેલ કે, તમો થોડા સમય પછી હું જણાવુ ત્યારે ચેક બેંકમાં જમા કરાવશો એટલે તમોને તમારી લેણી રકમ મળી જશે, જેથી અમો ફરીયાદીએ તમો આરોપી ઉપર વિશ્વાસ, ભરોસો રાખી તમારા કયા મુજબ ફરીથી અમો ફરીયાદીએ અમારી બેંક કોટક મહિન્દ્રા બેંક – જુનાગઢ શાખા જેના ખાતા નં. ૮૧૪૭૫૩૮૪૭૯ વાળામાં તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદરહું ચેક તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ FUNDS INSUFFICIENT ના શેરા સાથે પરત ફરેલ છે.''

તેમજ **ફોજદારી કેસ નં.૩૩૭૮/૨૦૨૫** માં પેરા–૩ માં નીચે મુજબની વિગત છે.

''(૩) સદરહુ સાઈઝ ઝીરો કાફે એન્ડ રેસ્ટ્રોની વેચાણ કિંમત કુલ રૂા.૨૩,૦૦,૦૦૦/– અંકે રુપિયા ત્રેવીસ લાખ પુરા નક્કો કરવામાં આવેલ હતી. જે વેચાણ કરારમાં નક્કી થયા મુજબ તમો આરોપીએ વેચાણ કરાર સમયે અમો ફરીયાદીને રૂા.૧,૦૦,૦૦૦/– અંકે એક લાખ પુરા ટોકન પેટે આપેલ હતા, અને બાકી રહેતી રકમ રૂા.૨૨,૦૦,૦૦૦/– અંકે બાવીસ લાખ પુરા પૈકી રૂા.૧૪,૦૦,૦૦૦/–અંકે ચૌદ લાખ પુરા તમારે નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ચુકવી આપવાના હતા. જે તમો આરોપીએ અમો ફરીયાદીને ચુકવી આપેલ હતા. પરંતુ બાકી રહેતી રકમ રૂા.૮,૦૦,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પુરાના તમો આરોપી તથા તમારા ભાગીદાર ધ્વારા બે (૨) ચેકો આપવામાં આવેલ હતા, જેથી વેચાણ કરારમાં નક્કી થયા મુજબ તમો આરોપી ધ્વારા એપ્રિલ–૨૦૨૫ સુધીમાં બાકી રહેતી રકમ પૈકી રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા ચુકવવાના હતા પરંતુ તમો આરોપીએ તે રકમ અમો ફરીયાદીને ન ચુકવતા અમો ફરીયાદીએ તમો આરોપીને જાણ કરેલ, જેથી તમો આરોપીએ અમો ફરીયાદીને જણાવેલ કે તમોને જે મારા નામનો ફીનકેર સ્મોલ ફાયનાન્સ બેંક જંબુસર શાખાનો ચેક નં. ૦૦૦૦૦૧ વાળો ચેક રકમ

રૂા.૪,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ચાર લાખ પુરાનો તમારા બેન્ક ખાતા નં. ૧૯૧૦૦૦૦૪૮૬૧૧૪૯ વાળો તા. ૦૬/૦૫/૨૦૨૫ના રોજનો આરોપીએ ચેકમાં વિગતો લખી તેમા પોતાની સહી કરીને અમો ફરીયાદીને આપેલ હતો અને જણાવેલ કે આ ચેક તમો બેન્કમાં ભરશો એટલે તમોને તમારા નાણા મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપતા અમો ફરીયાદીએ તમો આરોપી ઉપર વિશ્વાસ, ભરોસો રાખી સદરહુ ચેક અમો ફરીયાદીએ અમારી બેંક કોટક મહિન્દ્રા બેંક નં. ૮૧૪૭૫૩૮૪૭૯ વાળામાં તા. ૦૬/૦૫/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદરહું જુનાગઢ શાખા જેના ખાતા ચેક તા. ૦૮/૦૫/૨૦૨૫ ના રોજ BANK BLOKED ના શેરા સાથે પરત ફરેલ છે. જેથી અમો ફરીયાદીએ તમો આરોપીને તે બાબતની જાણ કરેલી જેથી તમોએ અમો ફરીયાદીને જણાવેલ કે, તમો થોડા સમય પછી હુ જણાવુ ત્યારે ચેક બેંકમાં જમા કરાવશો એટલે તમોને તમારી લેણી રકમ મળી જશે. જેથી અમો ફરીયાદીએ તમો ઉપર વિશ્વાસ, ભરોસો રાખી તમારા કહ્યા મુજબ ફરીથી અમો ફરીયાદીએ અમારી બેંક કોટક મહિન્દ્રા બેંક જુનાગઢ શાખા જેના ખાતા નં. ૮૧૪૭૫૩૮૪૭૯ વાળામાં તા. ૦૯/૦૬/૨૦૨૫ ના રોજ જમા કરાવતા સદરહું ચેક તા. ૧૧/૦૬/૨૦૨૫ ના રોજ ITEM FAILED AT PER VALIDATION ના શેરા સાથે પરત ફરેલ છે.''

(૪) આમ, ઉપરોકત વિગતો જોતા ફોજદારી કેસ નં. ૩૩૭૭/૨૫ અને ફોજદારી કેસ નં. ૩૩૭૮/૨૫ ના કેસોના મુળ વ્યવહાર એકજ છે અને તેમાંથી જ આ બંને કેસો ઉદભવેલા છે જેથી જે વ્યવહાર માટે આ કેસ ઉદભવેલા હોય તેવુ જણાય આવે છે તેમા કન્ફલીકટીંગ ચુકાદા ન આવે તે માટે જે કેસ જે કોર્ટમાં **કેસ નં. ૩૩૭૭/૨૦૨૫ (વિ. બીજા એડી. જયુડી.મેજી.ફ.ક.કોર્ટ) પેન્ડીંગ છે** તે કોર્ટમાં **ફોજદારી કેસ નં. ૩૩૭૮/૨૦૨૫** નો મોકલી આપવા માટે હુકમ કરવો જોઇએ તેમ માની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

ફોજદારી કેસ નં. ૩૩૭૮/૨૫ વિ. ત્રીજા જયુડી.મેજી.ફ.ક.કોર્ટ (પ્રિસાઇડીંગ ઓફિસર શ્રી ડી.એચ.દાસાણી) જુનાગઢમાં પેન્ડીંગ છે તે ફોજદારી કેસ, **ફોજદારી કેસ નં. ૩૩૭૭/૨૦૨૫ નો વિ. બીજા એડી. જયુડી. મેજી. ફ.ક. કોર્ટ (પ્રિસાઇડીંગ ઓફિસર શ્રી એચ.કે.દાસાણી)** જુનાગઢ ખાતે પેન્ડીંગ છે તે કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની જાણ સબંધિત કોર્ટને કરવી.

આ હુકમની અમલવારી તાત્કાલીક કરવી.

હુકમ આજરોજ તારીખ ૮મી, માહે. જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮–૦૬–૨૦૨૬
સ્થળ : જુનાગઢ.

**(ભુપેન્દ્રકુમાર જી.દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જુનાગઢ
(કોડ નં.જીજે૦૦૪૬૯)